જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૬/૨૦૧૯ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૧૧/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૯ કેસ કરી, ૬૦ વ્યક્તિઓને ઝડપી, ૨૩૮ લીટર દેશી દારૂ, ૨૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪,૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૧૨/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૪ વ્યક્તિઓની અતકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૧૩/૧૯

**સોલા હાઈકોર્ટઃ** ઉર્મીલ સ/ઓ મહેશભાઇ શાહ (ઉ.વ.૩૫) (રહે. સ્વપન બંગ્લોઝ ભાઇકાકાનગર થલતેજ) એ તા.૧૩/૬/૧૯ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે મે-૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી શક્તિસિંહ જુવાનસિંહ વાઘેલા (રહે. કર્મજયોત શીલજ ભાટ ગામ ગાંધીનગર, તથા ઓલીવ હાઇટસ-૦૨ ઇસરો સામે નંદી હીલ્સ સામે સેટેલાઇટ) એ ઉર્મીલ શાહને થલતેજ બાગબાન પાર્ટી પ્લોટ પાસે ઝાયડસ હોસ્પીટલ રોડ આઇકોન હારમની ઓફીસ ૫૦૪ ખાતે ટુરમાં જવા માટેનુ ચાઇનાલેન્ડ પેકેજ બતાવી તે પેકેજમાં તમામ એર ટીકીટ અને હોટલો અને ફરવા માટે તમામ સુવિધા આપવાનુ જણાવી રૂપિયા ૯,૦૦,૦૦૦/- ભરાવી બનાવટી બુકિંગનાં વાઉચરો તથા ટીકીટો ઇ-મેઇલથી મોકલી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

## ઘરફોડઃ સમાચાર યાદી નં.૧૦૧૪/૧૯

**સોલા હાઈકોર્ટઃ** ડાયના વા/ઓ સિધ્ધાર્થ રાનડે (રહે.સ્કાયડેક કોટક હાઉસની ગલીમાં ઇસ્કોન આંબલી રોડ બોડકદેવ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૬/૨૦૧૯ બપોર ના ૩/૦૦ થી આજરોજ તા.૧૪/૦૬/૧૯ સવારના ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન થલતેજ ભાઇકાકાનગર ગૌરવ એપાર્ટમેંટ ખાતે ડાયના રાનડેના પિતા જોસેફ વલ્લનાટના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની ચેન નંગ-૪ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/-, સોનાની વીટીં કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, સોનાની કાનની બુટ્ટી નંગ-૮ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, સોનાની બંગડી નંગ-૧૦ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/-, હીરા ઝડીત બ્રેસલેટ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૦,૬૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી એસ.આર.ગામીત ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૫/૧૯**

**નરોડાઃ** વિકાસ સ/ઓ હસમુખભાઇ સાવલીયા (રહે. માધવ એવન્યુ ડીવાઇલ ઇન્ટરનેશનલ સ્કુલની બાજુમાં નિકોલ) એ તા.૧૩/૬/૧૯ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૬/૧૯ રાતના ૮/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા ટોયોટા શો-રૂમ સામે આવેલ ઓલ ગુજરાત રીચર્જન્ટટ્રસ્ટ (એ.જી.આર.ટી.) નામની કંપનીની બહાર વિનસ કોર્પોરેશન નામની કંપનીના ગેટ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી સોનાના પેડલ સાથે ચેઇન, સોનાના પેડલ સેટ નંગ-૨ સોનાના હાથમાં પહેરવાનાં પાટલા નંગ-૨, અને સોનાની બુટી ૨-જોડી મળી કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**સાબરમતીઃ** મંથન રમેશભાઇ પટેલ (રહે. સ્વી.પાર્ક સોસાયટી ત્રિપદા ઇન્ટરનેશનલ સ્કુલ સામે ઘાટલોડીયા) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૬/૧૯ બપોરના ૨/૩૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન સાબરમતી ત્રાગડ દ્વારકેશ ઓપ્યુલેંસ ઓફીસ આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ બેગની ચોરી કરી લઈ ગઈ છે. બેગમાં જરૂરી કાગળો અને રોકડ રૂપિયા ૧,૩૦,૦૦૦/- મતા હતી . આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** પવનકુમાર બંસીધર સિંધવી (ઉ.વ.૪૩) (રહે. બિશાલા રોડ વોર્ડ નંબર-૧ સરદારપુરા બાડમેર રાજસ્થાન) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૬/૧૯ બપોરના ૧/૩૦ થી સાજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન અવદેશ હાઉસની બાજુમા આવેલ આરોહી આગાની આગળ ગુરૂદ્વારા સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગની ચોરી કરી લઈ ગઈ છે. એક બેગમાં કપડા તેમજ બીજી બેગમાં રોકડ રૂપિયા ૧,૮૦,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ભગતસિંહ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૬/૧૯**

**રામોલઃ** ચંદુભાઇ પ્રાણભાઇ પટેલ (ઉ.વ.૪૫) (રહે. અમરદીપ એપાર્ટમેન્ટ પ્રકાશ એસ્ટેટ રોડ રીટાનગર વસ્રાલ) એ તા.૯/૬/૧૯ રાતના ૦૦/૦૦ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની ઈક્કો ગાડી નંબર જીજે ૨૭ એએચ ૬૯૫૭ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ચંદુભાઈ પટેલે તા.૧૩/૬/૧૯ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.વાઘેલા ચલાવે છે.

**ધાબા ઉપરથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૭/૧૯**

**સેટેલાઈટઃ** સેટેલાઈટ સત્યાગ્રહ છાવણી પરીવાર સોસાયટી ખાતે રહેતા નિરવભાઈ ગોવિંદભાઈ સોનગરાનો ૪ વર્ષનો પુત્ર હેતાંગ રમતા રમતા તા.૦૪/૦૬/૧૯ કલાક ૮/૩૦ વાગે ધાબા ઉપરથી પડી જતા સારવાર માટે ઝાયડસ હોસ્પીટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે તા-૧૦/૦૬/૧૯ નારોજ સીવીલ કિડની હોસ્પીટલમા લાવી દાખલ કરાવેલ જ્યા ડોક્ટરે બ્રેઇન ડેથ (મગજ મૃત) જાહેર કરેલ જેની જીવવાની શક્યતા નહીવત હોઇ અને આ હેતાંગ શરીરના અંગો સ્વેચ્છાએ દાન કરવા માંગતા હોઇ અને ગઇ તા.૧૨/૦૬/૧૯ રાતના ૧૧/૧૨ વાગે હેતાંગનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સેટેલાઈટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જી.ડી.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૮/૧૯**

**એરપોર્ટઃ** વિજયભાઇ ગણેશભાઇ ભીલ (રહે.ભીલવાસ પાણીની ટાંકી પાસે આંબાવાડી સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૬/૧૯ કલાક ૧૨/૦૦ વાગે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રતાપસિહ ચલાવે છે.

**ગોમતીપુરઃ** મંગાભાઇ ગોવિંદભાઇ જાદવ (રહે. ખાડાવાળી ચાલી ટોપીમીલ ઢાળ પાછળ ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૬/૧૯ બપોરના ૧૨/૦૦ થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ મેકવાન ચલાવે છે.

**જી.આઈ.ડી.સી.વટવાઃ** નીશાબહેન ડો/ઓ સર્વેદેવ શુકલા (ઉ.વ.૧૮) (રહે. વિનોબાભાવેનગર જી.આઈ.ડી.સી.વટવા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૬/૧૯ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જી.આઈ.ડી.સી.વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.શેઠ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.